# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET

ગાંધીનગર ખાતે આજે રાજ્ય મંત્રી મંડળની યોજાયેલી બેઠકમાં ગેસનો જથ્થો ખોરવાય નહીં તેવી વ્યવસ્થા કરવા મુખ્યમંત્રીએ સૂચના આપી હતી. મુખ્યમંત્રીએ અધિકારી અને મંત્રીઓને ગેસ – પાણીના પુરવઠાનું યોગ્ય આયોજન કરવા સૂચના આપી હતી. સાથોસાથ મુખ્યમંત્રીએ અધિકારીઓને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાનું કડક પાલન કરવા પણ સૂચના આપી હતી.મુખ્યમંત્રીએ અધિકારીઓએ કેન્દ્રીય એજન્સી અને ગેસ કંપનીઓ સાથે સતત સંપર્ક રાખીને સતત માહિતી મેળવતા રહેવા સૂચના આપી હતી..હાલમાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે પીવાનું પાણી અને સિંચાઈનું પાણી સમયસર અને પૂરતું મળી રહે તેવી વ્યવસ્થા કરવા સંબંધિત વિભાગના અધિકારીઓને તાકીદ કરી હતી. ખાસ કરીને અંતરિયાળ વિસ્તારમાં પણ લોકોને પૂરતું પાણી મળે તે માટે જળવિતરણની સઘન વ્યવ્થા ગોઠવવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

# WEATHER

માર્ચ મહિનામાં  છેલ્લા 100 વર્ષ બાદ પહેલી વાર પારો 41ને પાર પહોંચ્યો છે. અત્યાર સુધી માર્ચ મહિનામાં તાપમાન 37 ડિગ્રીની આસપાસ રહેતુ હતું. આજે પણ કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે હવામાન વિભાગે પણ સુરેન્દ્રનગર અને રાજકોટમાં હીટવેવને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. બનાસકાંઠા, પાટણ, સુરત, વડોદરા, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં ઓરેન્જ એલર્ટ સાથે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, ભરૂચ, જામનગર અને ભાવનગરમાં યેલો એલર્ટ સાથે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદમાં રાત્રે પણ વોર્મ નાઇટનું એલર્ટ આપવામાં આવ્યું છે.

# CM JETALPUR SWAMINARAYAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રહિત અને સમાજ માટે તત્પર રહેનારા હરિભક્તોની પ્રશંસા કરી. અમદાવાદના જેતલપુર સ્વામિનારાયણ મંદિરને 200 વર્ષ પૂર્ણ થવા પ્રસંગે યોજાયેલા મહામહોત્સવ “અવસર” કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે સૌને વિકસિત ભારતના સંકલ્પમાં સહભાગી થવા પણ અપીલ કરી હતી.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

# SHAKTISINGH BHAVNAGAR TRAIN

ભાવનગરથી દિલ્હી માટે સીધી ટ્રેન સેવા શરુ કરવાની રાજ્યસભામાં સાંસદ શક્તિસિંહ ગોહિલે રજૂઆત કર હતી. શ્રી ગોહિલે જણાવ્યું હતું કે, ભાવનગર વેસ્ટર્ન રેલ્વેનું ડિવિઝન છે અને ગુજરાતના સૌરાષ્ટ્રનું મુખ્ય શહેર પણ છે. એશિયાનું સૌથી મોટું શીપબ્રેકીંગ યાર્ડ અને જૈન ધર્મના અનુયાયીઓનું અત્યંત પવિત્ર તીર્થધામ પાલીતાણા એ ભાવનગર જીલ્લામાં આવેલું છે. ભાવનગરથી દિલ્હી માટેની એક પણ સીધી ટ્રેન ઉપલબ્ધ નથી. આથી ભાવનગરથી દિલ્હી માટેની સીધી ટ્રેનની સુવિધા તાત્કાલિક શરુ કરવામાં આવે તેવી તેઓએ માંગ કરી હતી.

# GNR NPL RAMATOTSAV

ગાંધીનગરના રામકથા મેદાનમાં આગામી પહેલી એપ્રિલથી ગાંધીનગર નોર્થ પ્રીમિયર લીગ – રમતોત્સવનો પ્રારંભ થશે. ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર ઉત્તર વિધાનસભા દ્વારા યોજાનારા આ રમતોત્સવમાં રાત્રિ ક્રિકેટ, વૉલિબૉલ સહિતની રમત રમાશે. તેમાં ભાગ લેવા માટેના પત્રકના વિતરણ અને નોંધણી પ્રક્રિયા આગામી 17 માર્ચથી શરૂ થશે. આ અંગે ધારાસભ્ય રીટા પટેલે વધુ માહિતી આપી.

(BYTE: RITA PATEL, MLA, GANDHINAGAR)

# BHAVNAGAR MOCKDRILL

ભાવનગરમાં ગુજરાત સમુદ્રી બૉર્ડ દ્વારા અલંગ શિપ રિસાયકલિંગ યાર્ડના પ્લોટ નંબર 25 ખાતે કવાયત એટલે કે, મૉકડ્રીલ યોજાઈ. રાષ્ટ્રીય સલામત સપ્તાહ નિમિત્તે આકસ્મિક પરિસ્થિતિઓમાં પ્રતિસાદ ક્ષમતા વધારવા યોજાયેલી મૉકડ્રીલમાં જહાજના ડબલ બૉટમ વિસ્તારમાં ગૅસ કટિંગ દરમિયાન વિસ્ફોટ અને આગ લાગવાની કાલ્પનિક પરિસ્થિતિનું સર્જન કરીને બચાવ કામગીરી અને આકસ્મિક વ્યવસ્થાપન સંબંધિત કામગીરીઓનું પ્રદર્શન કરાયું હતું.

# CHHOTA UDEPUR SEVA SETU

છોટાઉદેપુરમાં નસવાડીના દામણિયા આંબા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો. તેમાં 55 ગામના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરાયો. કાર્યક્રમમાં ગ્રામજનોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા વહીવટી તંત્ર દ્વારા એક જ સ્થળ પર તમામ સુવિધા કરવામાં આવી હતી.

તેમાં મુખ્યત્વે આવકના દાખલા, જાતિના પ્રમાણપત્ર અને જમીનને લગતી પ્રાથમિક રજૂઆત, નવા રાશનકાર્ડ મેળવવા, નામમાં સુધારા-વધારા કરવા કે વિભાજનની કામગીરી, નવા આધારકાર્ડની નોંધણી અને બાયોમેટ્રિક તથા મોબાઈલ નંબર અપડેટ, આયુષ્માન ભારત કાર્ડ અને મમતા કાર્ડની સ્થળ પર ચકાસણી કરવામાં આવી.